# Visit of Foreign Secretary to Myanmar (November 20-21, 2022)

# ભારતનાં વિદેશ સચિવની મ્યાનમારની મુલાકાત (20-21 નવેમ્બર, 2022)

22 નવેમ્બર, 2022

ભારતનાં વિદેશ સચિવ દ્વારા 20-21 નવેમ્બર, 2022 નાં રોજ મ્યાનમારની કાર્યકારી મુલાકાત લીધી હતી.

2. મ્યાનમારની વરિષ્ઠ આગેવાની સાથેની તેઓની મીટિંગ દરમિયાન, ભારતનાં વિદેશ સચિવે ભારત અને મ્યાનમારનાં સીમા ક્ષેત્રોમાં સુરક્ષા અને સ્થિરતાની જાળવણી કરવાની ચર્ચા કરી હતી, જેમાં ઘણા ભારતીય નાગરિકો પકડાયા છે તેવા મ્યાનમારનાં માયાવાડી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રિય ગુના ટોળકીઓ દ્વારા માણસોની હેરાફેરીનાં મુદ્દાને ઉઠાવ્યો હતો અને દ્વિપક્ષીય વિકાસ સહકારની પરિયોજનાઓની સમીક્ષા કરી હતી.

3. વિદેસ સચિવ દ્વારા ભારત-મ્યાનમાર સીમા ક્ષેત્રોમાં રહેલી સહિતની લોક-કેન્દ્રિત સામાજીક-આર્થિક પરિયોજનાઓને ભારતનાં સતત સમર્થનને વ્યક્ત કર્યું હતું તેમજ કાલાડાન મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ અને ટ્રાઈલેટરલ હિવે જેવી ચાલું કનેક્ટિવિટીની પરિયોજનાઓનાં ઝડપી અમલીકરણ તરફ ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ભારતનાં વિદેશ સચિવ દ્વારા મ્યાનમારનાં લોકોનાં લાભાર્થે રાખાઈન સ્ટેટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને બોર્ડર એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળની પરિયોજનાઓ ચાલું રાખવા તરફની ભારતની પ્રતિબદ્ધતાનું પણ પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**22 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.